પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૧૦૮ ૨૮ જુન, ૨૦૨૨, મંગળવાર; જયેષ્ઠ વદ - ૦)) પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦


# બળવાખોરોને સુપ્રીમની ૧૪ દિ'ની રાહત

## મહારાષ્ટ્રમાં રાજકીય અરાજકતા વચ્ચે બળવાખોરોને રાહત : રાજ્ય સરકાર કાયદો-વ્યવસ્થા જાળવી રાખે તથા તમામ ૩૯ ધારાસભ્યોના જીવન અને સ્વતંત્રતાની રક્ષા માટે પૂરતા પગલાં લેવા સુપ્રીમ કોર્ટનો નિર્દેશ



મુંબઈ, તા.૨૭

મહારાષ્ટ્રના રાજકીય સંકટ વચ્ચે સુપ્રીમ કોર્ટમાં એકનાથ શિંદેના જૂથની ૨ અલગ અલગ અરજીઓ પર સુનાવણી હાથ ધરાઈ છે. એક અરજી એકનાથ શિંદેએ દાખલ કરી છે જ્યારે બીજી અરજી બળવાખોર ધારાસભ્ય ભરત ગોગાવલે તરફથી કરવામાં આવી છે. બંને અરજીઓમાં ડેપ્યુટી સ્પીકરના નિર્ણયને પડકારવામાં આવ્યો છે. સૌથી પહેલા તો એ નોટિસને પડકારવામાં આવી છે જેમાં ૧૬ બળવાખોરોની સદસ્યતા સમાપ્ત કરવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. જ્યારે શિંદેને નેતા પદેથી દૂર કરવા તથા અજય ચૌધરીને ચીફ વ્હિપ નિયુક્ત કરવાના નિર્ણયને પણ પડકારવામાં આવ્યો છે. ઉપરાંત મહારાષ્ટ્રના રાજ્યપાલ ભગતસિંહ કોશ્યારી પણ કોરોના સંક્રમણમાંથી સાજા થયા બાદ હોસ્પિટલમાંથી પરત આવ્યા છે. આ કારણે તેમની કાર્યવાહી પર પણ સૌની નજર છે. કોશ્યારીએ કેન્દ્રીય ગૃહ સચિવને પત્ર લખીને બળવાખોર ધારાસભ્યોના પરિવારોને તાત્કાલિક સુરક્ષા પૂરી પાડવાના નિર્દેશ આપ્યા છે. ટીમ શિંદેને સુપ્રીમ કોર્ટમાંથી હાલ પૂરતી રાહત મળી છે. સુપ્રીમ કોર્ટે પોતાના

● અનુસંધાન પાન-૭ પર

# કેબિનેટમાંથી શિવસેનાના બાગી મંત્રીઓની હકાલપટ્ટી

**મહારાષ્ટ્રમાં રાજકીય ગતિવિધિ, ઠાકરેના આકરા તેવર : સરકારમાં શિવસેનાના ચાર કેબિનેટ મંત્રી, સીએમ સહિત આદિત્ય ઠાકરે, અનીલ પરબ, સુભાષ દેસાઈનો સમાવેશ**

મુંબઈ, તા.૨૭

હાલ મહારાષ્ટ્રમાં ચાલી રહેલી રાજકીય કટોકટી વચ્ચે સીએમ ઉદ્ધવ ઠાકરેએ પોતાની કેબિનેટમાં ફેરબદલ કર્યા છે, જેમાં બળવાખોર મંત્રીઓની હકાલપટ્ટી કરવામાં આવી છે. આ સિવાય આજના મહત્વના અપડેટ્સમાં ઈડી દ્વારા શિવસેનાના સાંસદ સંજય રાઉતને મની લોન્ડ્રિંગના કેસમાં સમન્સ પાઠવવામાં આવ્યું છે. શિવસેનાના બળવાખોરો દ્વારા ડેપ્યુટી સ્પીકર નરહરિ ઝીરવાલ દ્વારા ઈશ્યૂ કરાયેલી ડિસક્વોલિફિકેશન નોટિસ વિરુદ્ધ કરવામાં આવેલી પિટિશન પર સુપ્રીમ કોર્ટમાં પણ આજે સુનાવણી થઈ હતી. જેમાં કોર્ટે બળવાખોરોને રાહત આપતા ૧૨ જુલાઈ સુધી આ અંગે કોઈ નિર્ણય ના કરવા તેમજ બળવાખોર નેતાઓના પરિવારજનોને સુરક્ષા પૂરી પાડવા નિર્દેશ કર્યા હતા.

એકનાથ શિંદેની આગેવાનીમાં બળવાખોરોએ પોતાની પિટિશનમાં જણાવ્યું હતું કે, તેઓ એમવીએ સરકારને પોતાનો ટેકો પાછો ખેંચે છે. આ સાથે જ, ઉદ્ધાવ ઠાકરેની મહાવિકાસ આઘાડી સરકારે બહુમતી ગુમાવી દીધી છે.



એકનાથ શિંદેએ શિવસેનાના ૩૮ ધારાસભ્યો સાથે બળવો કર્યો છે, અને હાલ તમામ ગુવાહાટીની હોટેલમાં રોકાયેલા છે. બીજી તરફ, ઉદ્ધવ ઠાકરેએ આકરું વલણ અપનાવતા બળવાખોર મંત્રીઓને બહારનો રસ્તો બતાવી દીધો છે. તેમના મંત્રાલયનો ચાર્જ અન્ય મંત્રીઓને આપી દેવામાં આવ્યો છે.

# સંજય રાઉતને જમીન કૌભાંડ કેસમાં ઈડીનું સમન્સ

**જમીન કૌભાંડ સાથે સંકળાયેલા કેસમાં કાર્યવાહી : સંજય રાઉતે ટ્વિટમાં લખ્યું કે, અમે સૌ બાલાસાહેબના શિવસૈનિકો મોટી લડાઈ લડી રહ્યા છીએ, આ ષડયંત્ર**

મુંબઈ, તા.૨૭

મહારાષ્ટ્રના રાજકીય સંકટ વચ્ચે શિવસેનાના સાંસદ સંજય રાઉતને ઈડીની નોટિસ મળી છે. સંજય રાઉતને ૨૮ જૂનના રોજ એટલે કે, આવતી કાલે ઈડીના કાર્યાલય ખાતે પુછપરછ માટે બોલાવવામાં આવ્યા છે. જાણવા મળ્યા મુજબ જમીન કૌભાંડને લગતા એક કેસ મામલે ઈડીએ સંજય રાઉતને સમન્સ પાઠવ્યું છે. પ્રવીણ રાઉત તથા પાત્રા ચાલ જમીન કૌભાંડ સાથે સંકળાયેલા કેસ અંતર્ગત સંજય રાઉતને સમન મોકલવામાં આવ્યું છે.

શિવસેનાના સાંસદ પ્રિયંકા ચતુર્વેદીએ સંજય રાઉતને મોકલવામાં આવેલા સમન મામલે ઈડી પર નિશાન સાધ્યું છે. તેમણે ટ્વિટમાં લખ્યું હતું કે, ભાજપની પરમ ભક્તિનું સૌથી મોટું ઉદાહરણ રજૂ કરતું ઈડી ડિપાર્ટમેન્ટ.

સંજય રાઉતે ટ્વિટમાં લખ્યું હતું કે, ઈડીએ મને સમન મોકલ્યું છે. અમે સૌ બાલાસાહેબના શિવસૈનિકો મોટી લડાઈ લડી રહ્યા છીએ. આ ષડયંત્ર ચાલી રહ્યું છે.

ઈડીએ અગાઉ પ્રવીણ રાઉતની ધરપકડ કરી હતી. તે સંજય રાઉતનો નજીકનો માણસ હોવાનું માનવામાં આવે છે.

# અગ્નિપથ હેઠળ ભારતીય વાયુ સેનાને ૫૬,૯૬૦ અરજી મળી

**ભરતીમાં આટલી બધી અરજી મળવાથી પ્રશ્ન ઉઠી રહ્યા છે કે આખરે આના વિરોધની કેટલી અસર થઈ**

નવી દિલ્હી, તા.૨૭

ભારતીય વાયુસેનાને અગ્નિપથ ભરતી યોજના હેઠળ ૫૬,૯૬૦ અરજી મળી છે. યોજના માટે રજિસ્ટ્રેશન પ્રક્રિયા આના વિરુદ્ધ અમુક રાજ્યોમાં હિંસક વિરોધ પ્રદર્શનના એક અઠવાડિયા બાદ શુક્રવારે શરૂ થઈ હતી. વાયુસેનાએ રવિવારે ટ્વીટ કરી, "૫૬૯૬૦! આ અગ્નિપથ ભરતી અરજી પ્રક્રિયાના જવાબમાં વેબસાઈટ પર ભવિષ્યના અગ્નિપથથી અત્યાર સુધી પ્રાપ્ત અરજીની કુલ સંખ્યા છે.

રજિસ્ટ્રેશન પાંચ જુલાઈએ બંધ થઈ જશે. ૧૪ જૂને અગ્નિપથ યોજના રજૂ કરતા સરકારે કહ્યુ હતુ કે સાડા ૧૭થી ૨૧ વર્ષની ઉંમરના યુવાનોને ચાર વર્ષના સમય માટે ભરતી કરવામાં આવશે. જેમાંથી ૨૫ ટકાને બાદમાં કાયમી નોકરી માટે સામેલ કરાશે.

દેશના અમુક વિસ્તારમાં આ યોજના વિરુદ્ધ હિંસક વિરોધ પ્રદર્શન થયા હતા. હવે આટલી બધી અરજી મળવાથી પ્રશ્ન ઉઠી રહ્યા છે કે આખરે આના વિરોધની કેટલી અસર થઈ.

# ઋષિકેશ-કર્ણપ્રયાગ ૨૫ કિમી ટનલ પાંચ માસમાં તૈયાર કરવાનો રેકોર્ડ

**૧૨૫ કિલોમીટર લાંબી આ પરિયોજના પર ૧૦૫ કિલોમીટર રેલ લાઈન સુરંગોની અંદરથી થઈને પસાર થશે**

ઋષિકેશ, તા.૨૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ડ્રીમ પ્રોજેક્ટમાં સામેલ ઋષિકેશ-કર્ણપ્રયાગ રેલ પ્રોજેક્ટના કાર્યમાં દરરોજ નવા આયામ સ્થાપિત થઈ રહ્યા છે. આ વખતે કર્ણપ્રયાગ રેલ પ્રોજેક્ટના કાર્યમાં રેલ વિકાસ નિગમની કાર્યકારી સંસ્થાઓએ વિભિન્ન ફેસમાં પાંચ માસની અંદર ૨૫ કિલોમીટર ટનલિંગનુ કામ પૂરુ કરી નવી સફળતા પ્રાપ્ત કરી લીધી છે. આ સાથે જ પરિયોજનામાં અત્યાર સુધી કુલ ૫૦ કિલોમીટર ટનલિંગનુ કામ પૂર્ણ કરી લેવાયુ છે. આ જાણકારી રેલ મંત્રાલયે શનિવારે મોડી રાતે પોતાના ટ્વીટર હેન્ડલ પર જાહેર કરી. રેલ મંત્રાલયના આ ટ્વીટ બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ આ ટ્વીટને પસંદ કરી અને શેર પણ કરી છે. ઋષિકેશ-કર્ણપ્રયાગ રેલ પરિયોજના ભારતીય રેલવેની સૌથી પડકારપૂર્ણ રેલ પરિયોજના છે. ૧૨૫ કિલોમીટર લાંબી આ પરિયોજના પર ૧૦૫ કિલોમીટર રેલ લાઈન સુરંગોની અંદરથી થઈને પસાર થશે. પરિયોજના પર કુલ ૧૭ સુરંગોનુ નિર્માણ કરવામાં આવી રહ્યુ છે. આ પરિયોજનામાં લાંબી સુરંગ સુધી પહોંચવા માટે સાત એડિટ ટનલ બનાવવામાં આવશે, જેની લંબાઈ લગભગ ચાર કિલોમીટર છે. છ કિલોમીટરથી વધારે લાંબી સુરંગના સમાંતર એટલી જ લંબાઈની એસ્કેપ ચેનલ પણ બનાવવામાં આવશે, જેની કુલ લંબાઈ ૯૮ કિલોમીટર છે.

# યશવંત સિંહાનું વિપક્ષી ઉમેદવાર તરીકે નામાંકન

**રાહુલ ગાંધી અને શરદ પવાર સહિતના અનેક પ્રમુખ વિપક્ષી નેતાઓ આ પ્રસંગે ઉપસ્થિતિ રહ્યા હતા**

નવી દિલ્હી, તા.૨૭

આગામી ૧૮ જુલાઈના રોજ રાષ્ટ્રપતિ પદની ચૂંટણી યોજાવા જઈ રહી છે. તેમાં વિપક્ષના સંયુક્ત ઉમેદવાર એવા યશવંત સિંહાએ આજે રાહુલ ગાંધી અને શરદ પવાર સહિતના અનેક પ્રમુખ વિપક્ષી નેતાઓની ઉપસ્થિતિમાં નામાંકન દાખલ કર્યું હતું. યશવંત સિંહાએ નામાંકન પત્રોના ૪ સેટ રાજ્યસભાના મહાસચિવ પી. સી. મોદીને સોંપ્યા હતા. પી. સી. મોદી રાષ્ટ્રપતિની ચૂંટણી માટેના ચૂંટણી અધિકારી છે.



આ પ્રસંગે કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધી, રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના પ્રમુખ શરદ પવાર, રાજ્યસભામાં વિપક્ષ નેતા મલ્લિકાર્જુન ખડગે, રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગેહલોત, કોંગ્રેસના મહાસચિવ જયરામ રમેશ, સમાજવાદી પાર્ટીના અધ્યક્ષ અખિલેશ યાદવ, દ્રમુક નેતા એ રાજા તથા નેશનલ કોન્ફરન્સના નેતા ફારૂક અબ્દુલ્લા ઉપસ્થિત રહ્યા હતા. આ સાથે જ તૃણમૂલ કોંગ્રેસના મહાસચિવ અભિષેક બેનર્જી, તેલંગાણા રાષ્ટ્ર સમિતિના નેતા કે.ટી. રામા રાવ, માર્ક્સવાદી કોમ્યુનિસ્ટ પાર્ટીના મહાસચિવ સીતારામ યેચુરી, ભારતીય કોમ્યુનિસ્ટ પાર્ટીના મહાસચિવ ડી રાજા, રાષ્ટ્રીય જનતા દળના સાંસદ મીસા ભારતી, રિવોલ્યુશનરી સોશિયાલિસ્ટ પાર્ટીના નેતા એન.કે. પ્રેમચંદ્રન, રાષ્ટ્રીય લોક દળના અધ્યક્ષ જયંત ચૌધરી તથા અન્ય કેટલાક વિપક્ષી નેતા પણ ઉપસ્થિત રહ્યા હતા.

ટીઆરસીના નેતા પણ ઉપસ્થિત રહ્યા તે વિપક્ષ માટે મહત્વપૂર્ણ બાબત છે પરંતુ કોંગ્રેસનો સહયોગી એવો ઝારખંડ મુક્તિ મોર્ચો નામાંકનથી દૂર રહ્યો હતો. એવું માનવામાં આવે છે કે, ઝામુમો દ્વારા હજુ વિપક્ષના ઉમેદવાર કે રાજગ (દ્ઘ્ઢછ)ના ઉમેદવારમાંથી કોનું સમર્થન કરવું તેનો નિર્ણય નથી લેવાયો. નામાંકન દાખલ કર્યા બાદ સિંહાએ સંસદ ભવન પરિસરમાં મહાત્મા ગાંધી તથા ભીમરાવ આંબેડકરની પ્રતિમાઓને માળા પહેરાવી હતી.

# દેશમાં કોરોનાના ૧૭૦૭૩ નવા કેસ

નવી દિલ્હી,તા.૨૭

દેશમાં ફરી કોરોના મહામારીનો પ્રકોપ વધી ગયો છે. છેલ્લા ૨૪ કલાકમાં કોરોના સંક્રમણના નવા કેસમાં વધારો થયો છે. દેશમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન ૧૭૦૭૩ નવા કેસ સામે આવ્યા છે. આ સાથે ૨૧ લોકોના મોત થયા છે. આ પહેલા રવિવારે દેશમાં કોવિડ-૧૯ના ૧૧૭૩૯ નવા કેસ સામે આવ્યા હતા. સ્વાસ્થ્ય વિભાગ પ્રમાણે દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૭૦૭૩ નવા કેસ સામે આવ્યા છે. જે રવિવારની તુલનામાં ૪૫.૪ ટકા વધુ છે. દેશમાં કુલ ૪,૩૪,૦૭,૦૪૬ કોરોના કેસ થઈ ગયા છે. છેલ્લા ૨૪ કલાકમાં કુલ ૪,૫૩,૯૪૦ લોકોનાની તપાસ માટે સેમ્પલ લેવામાં આવ્યા હતા. જે પાંચ રાજ્યોમાં કોરોનાના સૌથી વધુ કેસ સામે આવ્યા છે, તેમાં મહારાષ્ટ્ર ટોપ પર છે. અહીં ૬૪૯૩ કેસ સામે આવ્યા છે.





